EDII

Sandesh (Suppl.: Citylife)

December 12, 2019
Page No. 3

**Campus Corner**

# ઓનલાઇન મેન્ટરિંગ પ્લેટફોર્મ મેન્ટરગેટવે પર ૩૦થી વધુ સ્ટાર્ટ અપ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન મળ્યું

**મેન્ટરગેટવે નો ઉદ્દેશ સ્ટાર્ટઅપને જોડવાની પ્રક્રિયાને વેગ આપવાનો, પ્રક્રિયા સરળ બનાવવાનો તથા સ્ટાર્ટ અપ સમુદાયને અસરકારક માર્ગદર્શન આપવાની સાથે સાથે ઓનલાઇન પ્લેટફોર્મ પ્રદાન કરવાનો છે**

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાનાં મહત્ત્વકાંક્ષી ઉદ્યોગ સાહસિકોને અદ્યતન ઓનલાઈન મેન્ટરિંગ પ્લેટફોર્મ ઉપર છેલ્લા મેન્ટરગેટવે ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લાથે જોડાણ કરી પ્લેટફોર્મ પર એક વર્ષથી પણ ઓછા સમયગાળામાં ૩૦થી વધુ ઉભરતાં ઉદ્યોગ સાહસિકોને ફાઈનાન્સ અને ટેકનિકલ સંબંધિત મુદ્દે વિસ્તૃત માર્ગદર્શન મળ્યું છે, જેથી તેઓ ઝડપી વૃદ્ધિ સાધવા માટે સક્ષમ બની શકે. મેન્ટરગેટવે નો ઉદ્દેશ સ્ટાર્ટઅપને જોડવાની પ્રક્રિયાને વેગ આપવાનો, પ્રક્રિયા સરળ બનાવવાનો તથા સ્ટાર્ટ અપ સમુદાયને અસરકારક માર્ગદર્શન આપવાની સાથે સાથે ઓનલાઈન પ્લેટફોર્મ પ્રદાન કરવાનો છે. આ પ્લેટફોર્મનાં માધ્યમથી અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં સ્કેલેબલ મેન્ટરિંગ પ્લેટફોર્મ વિકસાવવામાં આવશે તથા સ્ટાર અપ્સ માટે માર્ગદર્શન આધારિત જરૂરિયાતની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે મેન્ટરગેટવે એક પ્લેટફોર્મ છે, જે મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકોને તેમના વિચારોને સફળ સ્ટાર્ટઅપ્સમાં પરિવર્તિત કરવા ઈકોસિસ્ટમમાં વિવિધ ક્ષેત્રોમાંથી અનુભવી માર્ગદર્શન થકી વૃદ્ધિને વેગ આપવા માટે કામ કરવાની સુવિધા પ્રદાન કરે છે. આ ઉપરાંત મેન્ટરગેટવે ઉપર સ્ટાર્ટઅપ્સ માર્ગદર્શકો સાથે જોડાવા સક્ષમ બનશે. સ્ટાર્ટઅપ્સની જરૂરિયાતને આધારે અનુભવી અને વ્યવહારિક જાણકારી ધરાવતા માર્ગદર્શકો પાસેથી લાંબા ગાળાનું નિયમિત અને વિસ્તૃત માર્ગદર્શન મેળવવું પણ શક્ય છે. આ એક એવું સ્થાન છે જ્યાં સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શકો મળશે, જેઓ તેમનાં ક્ષેત્રમાં કુશળતા ધરાવવાની સાથે ઉદ્યોગમાં પણ બહોળો અનુભવ ધરાવે છે.